# ક્રિષ્ના અને રશ્મિ



## બે સ્ત્રીઓએ મિત્રતાને બનાવી જીવનની સૌથી સુંદર કળાકૃતિ

મિત્રતા એ માત્ર એક સંબંધ નથી પરંતુ જીવનની સૌથી મોટી મૂડી છે. જ્યારે જીવનમાં સંઘર્ષનાં વાદળો ઘેરાઈ જાય ત્યારે ઘણી વાર લોહીના સંબંધો કરતાં પણ મિત્રતાનો હાથ વધુ મજબૂત સાબિત થાય છે. ફ્રેન્ડશિપ ડેના અવસરે એવી જ બે સખીઓ - ક્રિષ્ના મોદી અને રશ્મિ રંગુનવાળાની સફર આપણને શીખવે છે કે સાચી મિત્રતા માત્ર સાથે હસવાનું નામ નથી પરંતુ એકબીજાને પડકારોની વચ્ચે જીવવાની નવી આશા આપવાનું નામ છે.

આ બંને સખીઓ એવી ઉંમરના પડાવ પર મળ્યાં, જ્યાં સામાન્ય રીતે લોકો નવાં સપનાંઓ જોવાનું બંધ કરી દેતા હોય છે. જીવનની જવાબદારીઓ, પરિવારની ફરજો અને વર્ષોના અનુભવ પછી મોટાભાગના લોકો પોતાની ઇચ્છાઓને મનમાં જ દાટી દે છે પરંતુ ક્રિષ્ના અને રશ્મિએ એ જ પડાવે એકબીજાનો હાથ પકડીને નવો આરંભ કર્યો. તેમણે સાબિત કર્યું કે સપનાંઓને ઉંમરની મર્યાદા નથી હોતી. જો સાથે એક સાચી સખી હોય તો દરેક શરૂઆત શક્ય બને છે.

તેમની મિત્રતાનો આરંભ પણ એક સર્જનાત્મક પ્રસંગથી થયો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરત આગમન પૂર્વે શહેરના સૌંદર્યકરણ માટે એક ફ્લાયઓવરના પિલર પર ભવ્ય ચિત્રકલા સર્જવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ દરમિયાન બંને પ્રથમ વખત સાથે કામ કરવા માટે મળ્યાં. રંગો અને બ્રશથી શરૂ થયેલી આ ઓળખ ધીમે ધીમે વિશ્વાસમાં, વિશ્વાસ મિત્રતામાં અને મિત્રતા જીવનભરના અતૂટ સંબંધમાં પરિણમી. કદાચ તે દિવસે તેમણે માત્ર એક પિલરને જ રંગ્યો નહોતો પરંતુ એવી મિત્રતાનું ચિત્ર દોર્યું હતું, જેના રંગો સમયની સાથે વધુ ગાઢ અને સુંદર બનતા ગયા. ૩૨ ફૂટ હાઈટ ઉપર તેઓએ ચિત્રકામ કર્યું. ૩૨ ફૂટની એ હાઈટ પછી તો તેઓ તેમની મિત્રતાને અનંત ઊંચાઈઓ આપતાં ગયાં.

તેમની મિત્રતા માત્ર ચા-કોફી સાથેની વાતોમાં સીમિત રહી નહીં. બંનેએ એકબીજાને લાગણીશીલ ટેકો આપ્યો. જીવનમાં એવા પણ દિવસો આવ્યા, જ્યારે મન તૂટી જતું હતું, આત્મવિશ્વાસ ડગમગી જતો હતો અને આગળ શું કરવું તેની દિશા દેખાતી નહોતી. એ સમયે એક સખી બીજી માટે દીવાલ બનીને ઊભી રહી. એકનાં આંસુ બીજીની આંખોમાં પણ આવ્યાં અને એકનાં સપનાં બીજીની જવાબદારી બની ગયા. આ જ તો મિત્રતાનો સાચો અર્થ છે- એકબીજાને સમજવું, સાંભળવું અને પડખે ઊભા રહેવું. આર્થિક સંઘર્ષ પણ તેમની સફરનો મહત્ત્વનો ભાગ રહ્યો. શરૂઆતના દિવસોમાં પોતાની કળાને ઓળખ અપાવવી સહેલી નહોતી. પૈસાની તંગી, કામની અનિશ્ચિતતા અને દરેક તક માટે કરવો પડતો સંઘર્ષ-આ બધું તેમણે સાથે મળીને સહન કર્યું પરંતુ તેમણે ક્યારેય હિંમત હારી નહીં. તેઓએ પોતાની મહેનત, પ્રામાણિકતા અને સર્જનાત્મકતા પર વિશ્વાસ રાખ્યો.

તેમની સફર એ પણ સમજાવે છે કે સ્ત્રીઓ જ્યારે એકબીજાને સ્પર્ધક નહીં, પરંતુ સહયાત્રી માને છે ત્યારે અશક્ય લાગતાં સપનાંઓ પણ સાકાર થઈ શકે છે. એકબીજાની સફળતામાં આનંદ માનવો અને

**સાચી સખી એ હોય છે જે તમારી સફળતામાં તાળીઓ પાડે અને તમારા સંઘર્ષમાં તમારી બાજુમાં ઊભી રહે. મિત્રતા એ લોહીના સંબંધોથી જન્મતી નથી પરંતુ વિશ્વાસ, સંવેદના, સંઘર્ષ અને સહિયારી સફરમાંથી જન્મે છે**

મુશ્કેલીમાં ખભેખભો મિલાવીને ઊભા રહેવું.

તેમની મિત્રતા માત્ર બે વ્યક્તિઓનો સંબંધ નથી પરંતુ સંઘર્ષમાં એકબીજાને સંભાળીને આગળ વધવાની જીવંત ગાથા છે. મિત્રતા એ લોહીના સંબંધોથી જન્મતી નથી પરંતુ વિશ્વાસ, સંવેદના, સંઘર્ષ અને સહિયારી સફરમાંથી જન્મે છે. ક્રિષ્ના અને રશ્મિની દોસ્તી એ જ સત્યનો સૌથી સુંદર પુરાવો છે.

વાચક મંચ

# દોસ્તી- હૈયાના એકાંતનો વિસામો

મૈત્રી, દોસ્તી, મિત્રતા કોની સાથે, ક્યારે, કેમ થશે તેનું કોઈ ગણિત હોતું નથી. મૈત્રી થાય તો ક્ષણમાં વીજળીના ઝબકારાની જેમ. સુદામા, કૃષ્ણથી લઈને આજની વ્યક્તિઓની ખુશીનું રહસ્ય સારામાં સારા મિત્રોમાં રહેલું છે. મિત્રોનું ટોળું ન હોવું જોઈએ. અહીં શેરીમિત્રો કે તાળીમિત્રોની વાત નથી.

ઢાલ જેવા સાચા મિત્રો તો ભાગ્યશાળીને જ મળે છે. આજે તો એવો સમય આવ્યો છે કે સગાં યે વહાલાં નથી હોતાં. નિખાલસ મિત્રો જ જિંદગીની સાચી મૂડી સાબિત થાય છે.

સાચો મિત્ર એ હોય છે જે તમારા કલાકો સુધીના મૌનમાં રહેલા શબ્દોને વાંચી શકે. જ્યાં ભૂલોની બાદબાકી અને સ્નેહના સરવાળા સંજોગોના આંકડા ફીટ થયા વગર થતાં રહે એ જ સાચી દોસ્તી.

મિત્રનો ખભો એટલે તો શાંતિભરી નીંદનું ઓશીકું જેના સાથમાં દુ:ખો વહેંચાય જાય અને આનંદ બેવડાય, જેની સમક્ષ જેવા છે એવા જ પ્રગટ થઈએ, જેની સાથે વાતોના વિષય શોધવા ન પડે અને વારંવાર ખુલાસા કરવા ન પડે એ મિત્ર કહેવાય. મધ્યાહનના સખત તાપથી કે સંજોગોની ભીંસમાં એ કરમાય કે ન કચડાય એવા ગુલાબની સુગંધ એટલે મિત્રતાની હૂંફ

**મિત્રનો ખભો એટલે તો શાંતિભરી નીંદનું ઓશીકું જેના સાથમાં દુ:ખો વહેંચાય જાય અને આનંદ બેવડાય, જેની સમક્ષ જેવા છે એવા જ પ્રગટ થઈએ, જેની સાથે વાતોના વિષય શોધવા ન પડે અને વારંવાર ખુલાસા કરવા ન પડે એ મિત્ર કહેવાય**

દોસ્તી ઊડવા માટે પાંખ બને ત્યારે સફળતાના પગ ખેંચી સ્વાર્થના સંબંધને ઓળખવા જેટલી સતર્કતા તો રાખવી જ રહી.

'તમે' 'તમારા' થી જ્યારે ખોવાઈ જાઓ ત્યારે 'તમને' 'શોધી' 'તમારા' હૈયાના એકાંતનો વિસામો બને એ જ તમારો સાચો મિત્ર. કવયિત્રી હેમિશા શાહ લખે છે કે,

નહીં મળે મિત્રતા જેવું અણમોલ બંધન કદી
મળે તો એ મિત્ર આજે મને શોધીને બતાવો

- પ્રવીણ સરાધીઆ (સુરત)



નિકિતા મોદી અને સખીવૃંદ